જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૬/૨૦૧૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૬૯/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી ૧૧૨ લીટર દેશી દારૂ, ૦૫ બોટલ ઇગ્લીશ દારૂ, ૦૫ બિયરટીન અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૧ વ્યક્તિને ઝડપી, રોકડ રૂપિયા ૧૯૮૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૧૭૦/૧૬</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૨૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

<u>ખુનની કોશીશની ફરીયાદ :-</u> <u>સમાચાર યાદી નં.૧૧૭૧/૧૬</u>

**રખિયાલ** : મનીષકુમાર ઇશ્વરલાલ પરમાર (ઉ.વ.૩૭)(રહે.જી કોલોની, સુખરામનગર, રખિયાલ) એ તા.૨૪/૬/૧૬ નારોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૮/૬/૧૬ નાં કલાક ૬/૩૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘર આગળ (૧) કિરણ જયંતીભાઇ (૨) જયંતીભાઇ (જેના પુરા નામની ખબર નથી) અને (૩) તારાબેન જયંતીબેન (ત્રણેય રહે.જી કોલોની, સુખરામનગર રખિયાલ) ભેગામળી મનીષકુમારની પત્ની સાથે ઝઘડો-તકરાર કરી, આરોપી કિરણએ મનીષકુમારને ધારીયુ ઉગામીને મારવા જતા, મનીષકુમારે ડાબો હાથ ઉંચો કરતા, ડાબા હાથની ચાર આંગળીઓ ઉપર ધારીયુ વાગતાં, ગંભીર ઇજાઓ થતાં, સારવાર અર્થે તેમને શારદાબેન હોસ્પીટલમાં દાખલ કરેલ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.બી.દેવધા ચલાવે છે.

<u>અપહરણઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૧૭૨/૧૬</u>

**રાણીપ** : **શીવાજી વિહાજી ઠાકોર** (રહે,અમુલક સોસાયટી, રાણીપ શાક માર્કેટની બાજુમાં, રાણીપ) એ તા.૨૪/૬/૧૬ નારોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૬/૧૬ બપોરનાં ૧/૩૦ થી ૧/૪૫ વાગ્યા દરમ્યાન પોતાનાં ભત્રીજાની દિકરી શિલ્પા (ઉ.વ.૧૬) ને આરોપી શૈલેષ રતનજી ઠાકોર(ઉ.વ.૨૮) (રહે.નારબંધપુરા, ઠાકોરવાસ, માધવપુરા) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ઘરમાંથી રોકડા રૂપિયા ૬૪,૦૦૦/- સાથે ભગાડી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.બી.પટેલ ચલાવે છે.

**રખિયાલ** : અરવિંદભાઇ મહેન્દ્રભાઇ લેઉઆ (રહે.ગર્વમેન્ટ જી કોલોની, બળીયાકાકા ચાર રસ્તા પાસે, રખિયાલ) એ તા.૨૪/૬/૧૬ નારોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૬/૧૬ નાં કલાક ૫/૦૦ વાગ્યાનાં સુમારે પોતાની પુત્રી હિમાલી ઉર્ફે હિરલ (ઉ.વ.૧૬) ને ઘર નજીક રહેતો આરોપી વિનય ઉર્ફે મોન્ટુ નટવરભાઇ ચૌહાણ લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.બી.દેવધા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૧૭૩/૧૬**

**કૃષ્ણનગર : બ્રીજરાજ નાથુલાલ વર્મા** (રહે.સહજાનંદ બંગ્લોઝ, બાપા સિતારામ ચોક, કૃષ્ણનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૬/૧૬ નાં કલાક ૧૦/૦૦ થી તા.૨૪/૬/૧૬ ના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, ઘરમાંથી સોના-ચાંદિનાં દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂપિયા ૧,૯૬,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.આર.સંગાડા ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૧૭૪/૧૬**

**ખોખરા :** માયાબહેન ભુપતભાઇ ગુપ્તા (ઉ.વ.૪૮) (રહે.માનસરોવર કોમ્પલેક્ષ ઇડલીચાર રસ્તા, ખોખરા) તા.૧૩/૬/૧૬ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે ખોખરા જુની ક્રિશ્ચયન સોસાયટી, કબાબ-સમોસાની લારી નજીકથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષ આશરાનાં) માયાબહેનનાં ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- ખેંચી તોડી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ માયાબહેન ગુપ્તાએ તા.૨૪/૬/૧૬ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.સી.પટેલ ચલાવે છે.

**પડી જતાં મૃત્યુ :** **સમાચાર યાદી નં.૧૧૭૫/૧૬**

**દરીયાપુર : મતીનભાઇ અશરફભાઇ શેખ** (ઉ.વ.૪૦) (રહે.મસ્તાન મોહોલ્લો, ડબગરવાડ, દરીયાપુર) તા.૨૩/૬/૧૬ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે દરીયાપુર, લીમડીચોક ખાતે આવેલ બન્નાની મસ્જીદમાં નમાઝ પઢીને ઉભા થતાં હતા ત્યારે પડી જતાં, શરીરે ઇજાઓ થતાં સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૪/૬/૧૬ બપોરનાં ૪/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે દરીયાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ દરીયાપુર પોલીસ ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ :** **સમાચાર યાદી નં.૧૧૭૬/૧૬**

**મેઘાણીનગર : પ્રમોદભાઇ ઉર્ફે અમરકેશશ્રી રામપ્રકાશ પાલ** (ઉ.વ.૨૯) (રહે.વીરભગરસિંગની ચાલી, ગુરૂકૃપાનગર ભાર્ગવ રોડ, મેઘાણીનગર) તા.૨૦/૬/૧૬ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાની પત્ની નિલુબહેન ગેસ ઉપર જમવાનું બનાવતાં હતા દરમ્યાન તેમની સાડીને ઝાળ લાગી જતાં, પ્રમોદભાઇ આગને ઓલવવા જતાં, પ્રમોદભાઇ શરીરે ગંભીર રીતે દાઝી જતાં, સારવાર અર્થે બંનેને સિવીલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૪/૬/૧૬ નાં ૦૦/૪૫ વાગે પ્રમોદભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સાગરભાઇ હરીભાઇ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)